Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER NO. B. 156

श्री

# જૈનધર્મ પ્રકાશ.

*The Jaina Dharma Prakasha.*

शार्दूलविक्रीडितम्

तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः।
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनम् ॥
मान्यान् मानय विद्विषोऽप्यनुनय प्रच्छादय स्वान् गुणान्।
कीर्तिं पालय दुःखिते कुरु दयामेतत्सतां लक्षणम् ॥

પુસ્તક ૨૨ મું. ભાદ્રપદ. સંવત ૧૯૬૨. અંક ૬ ઠો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

વિષયાનુક્રમ.


| | | |
|---|---|---|
| ૧ | મહાવીર-ત્રિવિધ સત્ય. | ૧૫૩ |
| ૨ | જૈનધર્મની દશ મહાશિક્ષા. | ૧૫૪ |
| ૩ | ગ્રંથાવલોકન. | ૧૬૫ |
| ૪ | મૃત્યુ પાછળ જમણવાર. | ૧૬૮ |
| ૫ | સામાયિક વિચાર. | ૧૭૧ |
| ૬ | ચાલતી ચર્ચાઓ વિષે અધિપતિના અભિપ્રાય. | ૧૭૭ |
| ૭ | શ્રી ગિરનારની તળાટીમાં મોટી ધર્મશાળાની જરૂર. | ૧૮૧ |


અમદાવાદ-એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ.

વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચોપાનીયું રખડતું મુકીને આશાતના કરવી નહીં.

### નવી બુકોની જાહેર ખબર.

અમારી તરફથી છપાયેલ વેચાણ બુકોનું લીસ્ટ તથા વધારા ઉપરાંત નીચે જણાવેલી બુકો પણ અમારી ઓફીસમાંથી મળીશકશે.

| | |
|---|---|
| ઉપદેશ પ્રાસાદ ભાગ ૩ જો (સ્થંભ ૧૦ થી ૧૪ નું) ભાષાંતર. શાસ્ત્રી | ૧—૮—૦ |
| ચરિતાવળી ભાગ ૩ જો (ચંપકશ્રેષ્ઠી, રતિસાર, વત્સરાજ, નળદમયંતી, સ્થૂલભદ્ર, તથા સુરસુંદરીનાં ચરિત્રો) ગુજરાતી | ૧—૦—૦ |
| દરેક ચરિત્રની છુટી નકલોના ત્રણ ત્રણ આના. રાખેલા છે. | |
| શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર. મૂળમાગધી પદ્યબંધ શાસ્ત્રી. | ૦—૮—૦ |
| પ્રતિક્રમણ હેતુ (સંસ્કૃત ગ્રંથનું ભાષાંતર) ગુજરાતી. | ૦—૮—૦ |
| જૈન તત્ત્વાદર્શ પૂર્વાર્દ્ધ. ,, | ૧—૦—૦ |
| સદર ઉત્તરાર્દ્ધ ,, | ૧—૦—૦ |
| સમરાદિત્ય સંક્ષેપ. સંસ્કૃત શ્લોક બંધ. શાસ્ત્રી | ૨—૮—૦ |
| જૈનમાર્ગ પ્રવેશિકા. ગુજરાતી | ૦—૨—૦ |
| જૈનમાર્ગ પ્રારંભ પોથી. ભાગ ૧ લો ,, | ૦—૧—૬ |
| શ્રાવિકા શિક્ષણ રહસ્ય. ,, | ૦—૨—૦ |
| ગુણવર્માનો રાસ. (સત્તરભેદી પૂજા ઉપર) ,, | ૧—૦—૦ |
| પ્રકરણમાળા મૂળ (જીવવિચારથી કર્મગ્રંથ પર્યંત) શાસ્ત્રી. | ૦—૮—૦ |
| પયન્ના સંગ્રહ (ચઉસરણ વિગેરે અર્થ સહિત) ,, | ૦—૪—૦ |
| અજ્ઞાન તિમિર ભાસ્કર. (બીજી આવૃત્તિ) ,, | ૨—૮—૦ |
| નવ તત્ત્વનો સુંદર બોધ ગુજરાતી | ૦—૧૨—૦ |
| જીવ વિચાર વૃત્તિ. ,, | ૦—૬—૦ |
| જૈન સ્તોત્ર સંગ્રહ પ્રથમ ભાગ. (બનારસ) શાસ્ત્રી | ૦—૭—૦ |
| અષ્ટાધ્યાયી. (શ્રી સિદ્ધહેમ સૂત્રપાઠ) ,, | ૦—૫—૦ |
| ગુણવંતી સ્ત્રીઓને વિવાહમાં ગાવાનાં ગીતો. ગુજરાતી | ૦—૦—૬ |
| જૈન મંડળીમાં ગવાતાં ગાયનો. ,, | ૦—૦—૬ |
| સિદ્ધાચળના ખમાસમણ. ,, | ૦—૧—૦ |
| ભાવના સ્વરૂપ. (મોરબીનું) ,, | ૦—૪—૦ |
| શત્રુંજયાદિ સ્તવન સંગ્રહ. ,, | ૦—૧—૬ |
| ચોવીશી વીશી સંગ્રહ. ,, | ૨—૮—૦ |
| દુનિયાનો સૌથી પ્રાચીન ધર્મની કિંમત રૂ.૧। ને બદલે | ૦—૧૨—૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीजैनधर्म प्रकाश.

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૨ મું. સં. ૧૯૬૨ ભાદ્રપદ. અંક ૬ ઠ્ઠો.

ૐ.

## મહાવીર.

મહાવીર સ્વામી અદ્વેષી અરાગી,
નમો ભાવથી ભવ્ય એ પાપહારી;
સુબોધે કરીને ઘણા જીવ તાર્યા,
ખલોના મહા પાશથી જે ઉદ્ધારી.

## ત્રિવિધ સત્ય.

(ત્રોટક)

મનમાંહિ સદા સત ચિંતવવું,
વચને કરિને સત ઉચ્ચરવું;
કરમેં વળિ જો! સત આચરવું,
સત આમ સદા ત્રિવિધા ધરવું. ૧
ભુલ થાય કદી અણજાણ થકી,
[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન :મેલ ન રાખ અપમાન[1] ડરી,
મનને રિઝવો કહિ વાત ખરી. ૨
ઠગનાર ઠગાય સદા જગમાં,
નિરધાર કરી સતથી ડગમાં;
મુછ હાથ ધરે કઇ પાપી જના,
મલકાય મને ઠગિ મુગ્ધ[2]નરા. ૩
કઈ પામર આમ ભુલાં ભમતાં,
ગમ[3] લે ન જરાય શું આચરતાં?
નહિ આંબ[4] મળે નિંબ[5] રોપણથી,[6]
નહિ સત્ય મળે સત લોપનથી. ૪
હિતકારિ વળી પ્રિતકારિ તથા,
વચનો વદજો પથ્ય[7] થાય યથા;
ઉપયોગ ધરી ચિત્ત આમ સુદા,[8]
સત આચરનાર સુખી વસુધા.[9] ૫

# જૈનધર્મની દશ મહાશિક્ષા.

( અનુસંધાન પૃષ્ટ ૧૦૬ થી )

શિક્ષાપત્ર વંચાઇ રહ્યો. સર્વેએ તે ધ્યાનપૂર્વક સાંભળ્યો. સુશીલાએ કહ્યું કે 'શિક્ષાઓ બહુ સારી અને મનન કરવા જેવી છે.'

'પિતાજી ! ક્રિશ્ચ્યનોના પવિત્ર પુસ્તક બાઇબિલમાં તેમના પરમેશ્વર ઇસુએ પોતાના ભક્તોને કહેલી દશ આજ્ઞાઓ છે. મિશનસ્કુલોમાં છોકરાંઓને તે દશ આજ્ઞાઓ શિખવવામાં આવે છે: તે ઉપરથી આ શિક્ષાઓ બનાવી હશે કે આપણા શાસ્ત્રમાં પણ આવી દશ મહાશિક્ષા છે?' શિક્ષાનો કાગળ સારાભાઇના હાથમાં આપતાં ચીમને કહ્યું.

૧ અપમાન. ૨ ભોળા. ૩ ધ્યાનમાં ન આણે. ૪ કેરી. ૫ લીમડો. ૬ વાવવાથી. ૭ સુખ ઉપજાવે, વિપરીત ન થાય એવાં. ૮ આનંદ પૂર્વક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'હમણાંજ અમારા ઈંગ્લીશ લેસનમાં એક પાઠ-( Child witness ) આવ્યો હતો તેમાં બાઈબલની દશ આજ્ઞા વિષે વાત હતી. એક ન્હાની છોડીને કોરટમાં સાક્ષી પુરવા બોલાવી હતી. વકીલોમાં તેની સાક્ષી લેવા વિષે મતભેદ હતો, પણ તેની માતાએ તેણીને દશ આજ્ઞાઓ મોઢે કરાવી હતી તથા તે પ્રમાણે વર્ત્તવા સમજાવ્યું હતું એ જાણી ન્યાયાધીશે તેની સાક્ષી લીધી હતી અને તેને વજનદાર ગણી હતી. અમારા માસ્તર કહેતા હતા કે આ દશ આજ્ઞાઓ બહુ સારી છે.' બાબુ બોલ્યો.

'આપણા લોકો કરતાં એ લોકોના પુસ્તકોમાં નીતિ અને પ્રમાણિકપણે વર્ત્તવા ઘણું વિવેચન કરેલ હોય છે અને તેથી આપણા કરતાં યુરોપિયનો નીતિવાળા અને પ્રમાણિક વધારે હોય છે.' મનસુખે કહ્યું.

'સારા કાકા ! સ્મૃતિઓમાં ધર્મનાં દશ લક્ષણો અને પાતંજલ યોગદર્શનમાં યમનિયમના દશ ભેદ કહ્યા છે એ મારા વાંચવામાં આવ્યાં હતાં. મને લાગે છે કે તેને અનુસરી આ શિક્ષાઓ બનાવી હશે.' મોહને પોતાનો મત જણાવ્યો.

મોહન, મનસુખ, લલીતા અને વિજયા એ સર્વે શિક્ષાપત્ર વાંચવો શરૂ કર્યો તે વખતે ત્યાં આવ્યાં હતાં. મોહન અને મનસુખ નજીકના બંગલામાં રહેનારા કચરાભાઇના પુત્રો હતા. તેનો પિતા કચરાભાઇ પોતાના મિત્ર હીરાચંદ સાથે ન્હાની ઉમરમાં માંગરોળથી ધંધાર્થે મુંબઇ આવ્યો હતો. મુંબઇમાં આવી કચરાભાઇએ દલાલી કરવા માંડી તેમાં ત્રણ ચાર વર્ષે એક યુરોપિયન ઓફીસની અનાજ અને બીયાંની સઘળી દલાલી તેને સોંપાણી તેથી તેણે સારૂં દ્રવ્ય મેળવ્યું અને હજી પણ તેની આવક સારા પાયા ઉપર હતી. હીરાચંદે વ્યાપાર શરૂ કર્યો હતો; તેમાં કાંઇક સમજણ અને અનુભવ મેળવ્યા પછી તેણે એડન, ઝાંઝીબાર, ચીન અને જાપાન સાથે તે વ્યવહાર શરૂ કર્યો. ભાગ્યવશાત્ તેમાં ફાવ્યો અને સારી લક્ષ્મી સંપાદન કરી. બંને મિત્રો દ્રવ્યસુખી થયા એટલે તેઓએ નેપીઅનસી રોડ ઉપર સાથે બંગલા લઇ ત્યાં રહેવાનું રાખ્યું. સારાભાઇ એ સ્થળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેવા આવ્યા પછી તરતમાંજ આ બંને ગૃહસ્થોનો નિવાસ પણ ત્યાં થયો હતો. એકજાતિ અને એકધર્મી હોવાથી સ્ત્રીઓમાં પરસ્પર આગમન અને ઓળખાણ શરૂ થઇ. સ્ત્રીઓની ઓળખાણે પુરૂષોમાં સંબંધ કરાવ્યો અને સ્નેહભાવ બંધાયો. સારાભાઇએ ગૃહદેરાસર કર્યું એટલે તે બંને કુટુંબના સર્વે ત્યાં પૂજા કરવા આવતા, તિથિ પર્વને દિવસે સ્ત્રીઓ સુશીલાની સાથે પ્રતિક્રમણ કરવા આવતી, કાંઇ સારી વસ્તુ કરી હોય તો એકબીજાને ત્યાં મોકલતા અને સારો માઠો પ્રસંગ હોય તો એક કુટુંબવત્ પરસ્પર મદદ લાગતા હતા. બાળકોને બોધ આપવા નિમિત્તે સારાભાઇના રાત્રિસમયના વાંચનની ખબર પડ્યા પછી તેઓએ પોતાના બાળકોને ત્યાં જવા સુચવ્યું હતું. બાળકો ઘેર જઈ વાંચવામાં આવેલી બોધદાયક વાતોનું તથા સારાભાઇની સમજાવવાની કળાનું વર્ણન કરતાં, એ સાંભળી તેમની માતાઓ પણ ઘણીવાર ત્યાં આવતી અને કોઇ વખત કચરાભાઇ અને હીરાચંદ પણ આવતા. મોહન આ વર્ષે મેટ્રીકની પરીક્ષામાં બેસવાનો હતો અને મનસુખ ઈંગ્રેજી પાંચમું ધોરણ શીખતો હતો. હીરાચંદનો મોટો છોકરો હમણાં પ્લેગના દુષ્ટ વ્યાધિથી ગુજરી ગયો અને બીજો ચાર પાંચ વર્ષની ઉમરનો ન્હાનો છે, લલીતા અને વિજયા બંને તેની પુત્રીઓ છે.

સારાભાઈના મનમાં શિક્ષાઓ વિષે કાંઈ જુદોજ વિચાર ચાલતો હતો અને તેટલામાં તો સૌ પોતપોતાના અભિપ્રાય અને કલ્પનાઓ બોલી ગયા. પછી તેણે વિચારમાંથી જાગૃત થઇ કહ્યું "મોહન! પાશ્ચાત્ય કેળવણીથી આપણા યુવાનોમાં એક એવી જાતની અસર થાય છે કે તેઓને દરેક વિષય સંબંધે ઉતાવળા થઈ સંપૂર્ણ વિચાર કર્યા વિના સિદ્ધાંત બાંધવાની ટેવ પડે છે. પાશ્ચાત્ય એટલું બધું સારૂં અને આપણાં રીતરીવાજ, ક્રિયાઓ અને શાસ્ત્રો—એ સર્વે ઈંગ્રેજી કેળવણી લેનારાને ખોટાં અને ખામીવાળા લાગે છે એ આ ટેવનું પરિણામ છે. કોઇ રીતરીવાજ કે ક્રિયા ખામીવાળી થઇ ગઇ હોય તેથી આપણું સઘળું ખોટું અને ખામીવાળું ગણવું અને પાશ્ચાત્ય રીતરીવાજ અને ક્રિયાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેના ગુણદોષનો જરાપણ જાતિ અનુભવ નહીં, ગુણદોષ પૂર્ણપણે તપાસવા પ્રયત્ન કરેલો નહીં એને-ઉપરનાજ દેખાવથી મોહ પામી સર્વથા આદરવા અને અનુસરવા લાયક ગણવા એવું-હાલના યુવાનોનું વર્ત્તન દેખાય છે તે ખેદજનક છે. કોઈ પણ વસ્તુ, વિચાર કે વર્ત્તન સંબંધે નિર્ણય ઉપર આવતા પહેલાં તેની ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન સ્થિતિનું સારી રીતે અવલોકન કરી જવું જોઇએ. તેના ગુણદોષનું નિર્મળ દૃષ્ટિથી પૃથક્કરણ કરવું જોઇએ અને પછી તે વિષે નિશ્ચય ઉપર આવવું જોઇએ. બાઈબલની દશ આજ્ઞાઓમાં પહેલી બે ક્રાઇસ્ટે પોતે કરેલા પરાક્રમ અથવા ઉપકારની, તેનેજ પરમેશ્વર તરીકે માનવાની અને તેની પ્રાર્થના કરવા વિષેની છે, ત્રીજી રવિવારનો દિવસ પવિત્ર ગણવાની, ચોથી માતાપિતાને માન આપવાની, પાંચમી વધ નહીં કરવાની, છઠ્ઠી વ્યભિચાર નહીં કરવાની, સાતમી ચોરી ન કરવાની અને આઠમી નવમી અને દશમી પોતાના પાડોશી વિરૂદ્ધ ખોટી સાક્ષી પુરવી નહીં અને એની સ્ત્રી અથવા સ્થાવર જંગમ કોઇપણ વસ્તુ પ્રત્યે લલચાવું નહીં એવી છે. અત્યારે તેના ગુણદોષ તથા સારાસારના વિષયે વિવેચન કરવાનો પ્રસંગ નથી. એ આજ્ઞાઓમાં કેટલુંએક સાર લેવા જેવું છે પણ એકંદરે તેમાં અપૂર્ણતા અને વિચિત્રતા ઘણી છે. એ આજ્ઞાઓ કરતાં વેદાનુયાયી ગ્રંથોમાં ધર્મનાં લક્ષણ જુદાં જુદાં દશ પ્રકારે બતાવ્યાં છે તે ઉત્તમ છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે;—

> धृतिः क्षमा दमो स्तेयं, शौचमिंद्रियनिग्रहः ।
> धीर्विद्यासत्यमक्रोधो, दशकं धर्मलक्षणं ॥

"ધૈર્ય, ક્ષમા, દમ, પ્રમાણિકપણું, પવિત્રતા, ઇંદ્રિયનિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય તથા ક્રોધનો અભાવ એ ધર્મનાં દશ લક્ષણ છે." યાજ્ઞવલ્કય સ્મૃતિમાં કહ્યું છે કે—

> सत्यमस्तेयमक्रोधो ह्रीःशौचं धीधृतिर्दमः ।
> संयतेन्द्रियताविद्या; धर्मःसर्वउदाहृतः ॥

"સત્યતા. અસ્તેય (ચોરી ન કરવી તે) [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનય, પવિત્રતા, બુદ્ધિ, ધૈર્ય, દમ, ઇંદ્રિયોનો નિગ્રહ અને વિદ્યા—એ પ્રમાણે સમગ્રધર્મ કહેલો છે. ”

પાતંજલ યોગદર્શનમાં યોગના આઠ અંગમાં યમ અને નિયમ એ પ્રથમ અંગો છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ યમ કહેવાય છે અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઇશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ કહેવાય છે.

શિક્ષાપત્રમાં જે માગધી ગાથા છે તે જૈનસિદ્ધાંતની છે. તેમાં દશ પ્રકારનો શ્રમણ ધર્મ કહ્યો છે. સર્વજ્ઞભગવંતે મોક્ષપ્રાપ્તિના બે માર્ગ બતાવ્યા છે. સાધુધર્મ અને શ્રાવકધર્મ. ફક્ત લિંગ અને વેષથી સાધુ કે શ્રાવક હોઇ શકે નહિ પરંતુ પોતાના વર્ત્તનને લઇને સાધુ એ સાધુ કહેવાય છે અને શ્રાવક એ શ્રાવક કહેવાય છે. એ ગાથામાં દશ પ્રકારનો શ્રમણધર્મ કહ્યો છે, તેનું પરિપાલન કરનાર ઉત્તમ સાધુ કહેવાય છે. સાધુને જેમ સર્વવિરતિ ચારિત્ર છે તેમ શ્રાવકને દેશવિરતિ ચારિત્ર છે. ચારિત્ર શબ્દનો અર્થ વર્તન થાય છે અને જેનું વર્ત્તન શુદ્ધ તે ચારિત્રવાન ગણાય છે. અલબત ગૃહસ્થાશ્રમમાં રહી સાધુસમાન સર્વ ધર્મો પાળી શકાતા નથી પરંતુ યથાશક્તિ પાલન કરી તેના જિજ્ઞાસુ રહેવાની જરૂર છે; એટલુંજ નહિ પણ શુદ્ધ ગૃહસ્થાશ્રમ પાળવાને, શુદ્ધ શ્રાવક થવાને, દેશવિરતિ ચારિત્રવાન્ ગણાવાને જે ધર્મો મુનિના કહ્યા છે તે ધર્મો પોતાની હદ, પોતાની શક્તિ અને પોતાની યોગ્યતા પ્રમાણે પાળવાની આવશ્યકતા છે. જેમ જેમ તે તે ધર્મોનું શુદ્ધતર પાલન થાય તેમ તેમ શ્રાવક પણ સાધુસમાન થાય છે અને સિદ્ધિપદને યોગ્ય ગણાય છે. આ દશ શિક્ષાઓ એ દશ પ્રકારના શ્રમણધર્મ ઉપરથી શ્રાવકની યોગ્યતા પ્રમાણે બનાવેલી છે અને તે સર્વેએ અવશ્ય મનન કરવા જેવી છે. બનાવનારનો આશય બાઇબલની દશ આજ્ઞાઓ ઉપરથી આવી દશ મહાશિક્ષા બનાવવાનો થયો હશે પણ તેથી તે બનાવવામાં બાઇબલની આજ્ઞાઓ કે અન્ય ગ્રંથોના દશ ધર્મ લક્ષણો સહાયભૂત નથી, પણ સિદ્ધાંતમાં કહેલી દશ પ્રકારના શ્રમણધર્મના ઉપર કહેલી ગાથાજ સહાયભૂત છે.”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" મનસુખ કહે છે કે ' આપણા કરતાં પાશ્ચિમાત્ય લોકોના ગ્રંથોમાં નીતિ અને પ્રમાણિકપણે વર્ત્તવા પુષ્કળ વિવેચન કરેલું છે ' એ યુક્ત નથી. સામાન્ય નીતિ સંબંધે આર્યગ્રંથોમાં જે વિવેચન છે તેના પ્રમાણમાં તેઓનામાં કાંઇ નથી. એઓ વ્યવહારીક નીતિનેજ નીતિ સમજે છે. આર્યશાસ્ત્રોની તો નીતિ ધર્મના મુદ્દા ઉપરજ રચાયેલી છે. એઓની નીતિ જનસમુહનો વ્યવહાર બરાબર ચાલવા માટે છે, પણ આર્યોની નીતિ તો જનસમુહનો વ્યવહાર સુખરૂપ ચાલવા ઉપરાંત ધર્મનું રહસ્ય પ્રાપ્ત કરી, આત્માને વિશુદ્ધ કરી મુક્ત થવાના બિંદુ ઉપર રચાયેલી છે. ફેર માત્ર એટલો છે કે બાઇબલની દશ આજ્ઞાઓ ગમે તેવી પૂર્ણ કે અપૂર્ણ છે પણ તેનું શિક્ષણ માબાપો બાળવયમાંથી પોતાના બાળકોને આપે છે અને તે પ્રમાણે વર્ત્તન કરવા સમજાવે છે. આપણા શાસ્ત્રોમાં તેના કરતાં પરિપૂર્ણ નીતિજ્ઞાનનું વર્ણન છે પરંતુ આપણા માબાપો તે સમજતા નથી, સમજવાની દરકાર કરતા નથી અને પોતાના બાળકોને તે સમજાવવાની પોતાની ફરજો બજાવતા નથી. આ મ્હોટામાં મ્હોટી ખામી છે અને તેને લીધેજ આપણા લોકોનાં વ્યવહારિક વર્ત્તન કેટલીએક વખત ખામીવાળાં દેખાય છે. સમજુમાં સમજુ અને ધર્મીષ્ઠ કહેવાતા માણસોનાં પણ નીતિમાર્ગથી વિપરીત અને ઉપરથી પૉલીશ કરેલાં (ટાપટીપવાળાં) વર્ત્તન દૃષ્ટિગોચર થાય છે અને તે સત્ય, નીતિતત્વ અને ધર્મતત્વની પ્રીતિવાળાને ત્રાસદાયક લાગે છે, એ સર્વ માબાપોના શિક્ષણની ખામીનું પરિણામ છે. બીજું પાશ્ચાત્યો સર્વ સારાં અને આપણાં લોકો સર્વ ખોટાં એ માનવુંજ ભૂલભરેલું છે. એ તો જ્યારે ઉંડા ઉતરી તપાસ કરીએ ત્યારે સર્વ યથાસ્થિત સમજાય તેવું છે, પણ આપણે તો સાર માત્ર એટલોજ લેવાનો છે કે તેઓની જેમ આપણાં માબાપો પોતાના બાળકો પ્રત્યેની પોતાની ફરજ સમજી વાસ્તવિક શિક્ષણો શિશુવયમાંથી આપે, દશ મહાશિક્ષાઓ જેવી શિક્ષાઓ કે ધર્મનાં દશ લક્ષણો તેને મોઢે કરાવે, તે પ્રમાણે વર્ત્તવા સમજાવે અને જેમ જેમ બાળકો ઉમરલાયક થાય તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ તેને દૃષ્ટાંત અને વિવેચન સાથે એ મહાશિક્ષાઓ સમજાવી તેના હૃદયમાં ખરેખરી છાપ પાડે તો પાશ્ચાત્ય પ્રજાના બાળકો કરતાં આર્ય બાળકો સહસ્રગુણા નીતિવાન્ નીવડે; એટલુંજ નહિ પણ શાસ્ત્રોક્ત રીતે તેઓ ગૃહસ્થાશ્રમ પાળનારાં થાય; તેઓનો સર્વ વ્યવહાર સુખ રૂપ ચાલે અને પોતાના આત્માને વિશુદ્ધ બનાવી પરભવમાં સદ્ગતિને પ્રાપ્ત કરનારાં થાય."

મોહન—"સારા કાકા! તમે કહ્યું તે સત્ય છે; એ સંબંધે અમારી કેટલીએક અજ્ઞાનતા તથા અણસમજ હતી તે સમજાયું. પરંતુ તમે માબાપોનો દોષ કાઢોછો તે કરતાં મને તો કોમના આગેવાનોનો દોષ લાગે છે. સર્વ માબાપો કેળવાયેલાં, યોગ્ય સમજણ અને અનુભવવાળાં તથા જમાનાને અનુસરતું જ્ઞાન આપવાની શક્તિવાળાં હોતાં નથી; તોપણ ઘણાં માબાપો પોતાનાં બાળકો કેમ સારાં નીવડે, કેમ નિતિવાન્ અને ધાર્મિક થાય, કેમ તેઓ દ્રવ્યવાન્ થઇ સંસારમાં સુખી ગણાય, કેમ તેઓ ઉંચી કેળવણી લેનારાં થાય, કેમ તેઓ સારા વ્યાપારી કહેવાય—એવું વિચારી તે પ્રમાણે કરવાની ઇચ્છાવાળાં હોય છે. તેઓની તે ઇચ્છા પોતાનાં જ્ઞાન, શક્તિ અને વર્તન તથા બાળકના ભાગ્યને અનુસરી ઓછી વધતી ફળીભૂત પણ થાય છે; પરંતુ ભાગ્યવશાત્ જેઓ તથાપ્રકારની યોગ્યતાવાળાં હોતાં નથી તેવાં માબાપોનાં બાળકોને યોગ્ય માર્ગે દોરવાં તથા તેઓને નૈતિક ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન આપી તેઓ સુખી થાય તથા કોમના સ્થંભ રૂપ થાય તેવાં બનાવવાની ફરજ કોમના આગેવાનોની છે. કોઇ ઓછાં જ્ઞાનવાળાં હોય, કોઇ ઓછાં દ્રવ્યવાળાં હોય અને કોઇના વિચારો સ્વાર્થવૃત્તિવાળાં અને સાંકડાં હોય તેવાં માબાપોનાં બાળકો અથવા બાળકીઓ તેને અનુસરતાં નીવડે; માટે કોમ તરફથી જો સારાં સારાં કેળવણીને લગતાં ખાતાંઓની સ્થાપના હોય તો કોમનાં સર્વ બાળકો સુધરી, સારૂં જ્ઞાન મેળવી, વિશાળ મનોવૃત્તિ અને ઉદાર મનવાળાં થઇ, પોતાની, પોતાના કુટુંબની અને પોતાની કોમની ઉન્નતિ કરનારાં થાય. આપણી કોમનો સમગ્ર સાધારણ વર્ગ આગેવાનો જે રસ્તે દોરે તે રસ્તે દોરાય છે, તેઓ જે જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરજીયાત લાગાઓ ઠરાવે તે મુંગે મોઢે આપે છે, આગેવાનો કોમના દ્રવ્યનો શું ઉપયોગ કરે છે તે પણ પૂછતાં નથી, તેઓ કોમને માટે જે કાયદાઓ (પછી તે ભારે શ્રીમંતો અને આગેવાનોનેજ લાભકર્ત્તા હોય) ઠરાવે છે તે મુજબ વર્ત્તે છે, તેઓ જે રૂઢિ ચાલુ કરે છે તેને માન આપે છે અને સર્વ રીતે ગાડરીયા પ્રવાહની પેઠે તેઓનુંજ અનુવર્ત્તન કરે છે. જે આગેવાનો કોમનું આવું અગ્રગણ્ય પદ ભોગવતા હોય તેઓ કોમનું હિત ન ઇચ્છે, કોમની ઉન્નતિ થાય તેવાં કાર્યો ન કરે, કોમનાં બાળકોને ચાલુ જમાના પ્રમાણે કેળવવા કે સુધારવા યોગ્ય સંસ્થાઓ ન સ્થાપે, કોમના નિરાશ્રિતોને આશ્રય આપવાના કામમાં કોમનું સાર્વજનિક દ્રવ્ય ન ખર્ચે અને કોમનાં બાળકો નીતિ અને ધર્મતત્વની દૃઢતાવાળાં થાય એવો બોધ આપવાની યોજનાઓ ન કરે તો માબાપો કરતાં પણ તે આગેવાનો અધિક દોષને પાત્ર છે. વળી કોમના શ્રીમંતોની પણ પોતાનું દ્રવ્ય કોમના બાળકોના હિતાર્થે ખર્ચવાની સમદૃષ્ટિને લઇને પ્રથમ ફરજ છે, તે ફરજ તેઓ ન સમજે અને પોતાનું દ્રવ્ય પોતાના માની લીધેલા સુખરૂપ ભોગવિલાસોમાં અને ખોટી કીર્ત્તિ મેળવવામાં ઉડાવે અથવા તેનો સંચય કરી ફક્ત પોતે લક્ષાધિપતિ કે ક્રોડાધિપતિ કહેવરાવવાનું માન મેળવવામાંજ તેની સાર્થકતા માને તો તેઓ પણ દોષપાત્ર છે. આપણા પૂજ્ય મુનિમહારાજાનો દોષ કાઢવાને આપણે લાયક ન ગણાઇએ પરંતુ પ્રસંગને લઈ કહેવું પડે છે કે તેઓ પણ પોતાની યોગ્ય ફરજો બજાવતા નથી. તેઓના ઉપદેશની પદ્ધતિ એકજ રસ્તે જાય છે અને તેથી હાલના સમયને લઇ મને તો તે ખામીવાળી લાગે છે. તીર્થંકર ભગવંતે સાધુધર્મ અને ગૃહસ્થધર્મ બંને મોક્ષપદના ઓછે વધતે અંશે સાધન કહ્યાં છે છતાં શ્રાવકપણાને યોગ્ય શુદ્ધ ગૃહસ્થાશ્રમ પાળવાનો ઉપદેશ ઘણો ઓછો અપાય છે. તેઓ કોમના આગેવાનો અને શ્રીમંતોને કોમના વાસ્તવિક હિતાર્થના કાર્યમાં જોડી પોતાની શક્તિ અને દ્રવ્યનો વ્યય કરે તેમ કરાવાને લક્ષ્ય આપતા નથી એ સર્વ ખામીઓ મારી બુદ્ધિ પ્રમાણે લાગે છે. તમે એકલા માબાપોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોષ કાઢોછો તે કરતાં આગેવાનોનો અને ઉપદેશકોનો દોષ કાંઈ મને તો ઓછો લાગતો નથી, પરંતુ કેટલીક વખત પ્રથમ કરતાં બીજાનો અધિક લાગે છે."

સારાભાઈ—"મોહન! કોમના આગેવાનો પોતાની ફરજો ન બજાવે તો તેઓ ખરેખરા દોષને પાત્ર અને અગ્રગણ્ય પદને માટે નાલાયક ગણાય છે. હાલના આગેવાનો પોતાની ફરજો બજાવતા નથી તે પણ ખરૂં છે પણ મને તો કેટલીક વખત એટલે સુધી જણાયું છે કે તેઓમાંના કેટલાએક કોમના હિતને બદલે અહિતનાંજ ઘણાં કામો કરે છે. તેવા વિચારો બતાવે છે છતાં તેઓ આગેવાન ગણાય છે. આગેવાન પદ ધરાવનારા પોતેજ સાંકડી મનોવૃત્તિવાળા અને સ્વાર્થપરાયણ હોય છે તો તેઓ જનસમુહનું કલ્યાણ ક્યાંથી કરી શકે? મુનિવર્ગ તરફથી કેવળ વૈરાગ્યનોજ ઉપદેશ અપાય છે એ વાત સત્ય છે પણ તે કલ્યાણકારી છે. વાસ્તવિક જરૂરીઆત પણ તેની છે પરંતુ પાત્રાપાત્ર જોયા વિના એકજ પ્રકારના ઉપદેશથી જોઈએ તેવી સાર્થકતા થતી નથી. તેઓ વૈરાગ્યના ઉપદેશ ઉપરાંત વ્યવહારમાં ક્ષમાશીળ થવાનો, સત્યપરાયણ વર્તવાનો, ઉદાર ચરિત્રવાળા બનવાનો, પ્રમાણિકપણે ચાલવાનો ઉપદેશ આપે તો હાલ જૈન કોમમાં અને કોમના આગેવાનોમાં જે મતભેદ અને ઝગડાઓ જણાય છે અને જૈન વર્ગમાં કેટલોક ભાગ અપ્રમાણિક દેખાય છે તે દૂર થાય. મુનિવર્ગ તરફથી જોઈએ તેવો ઉપદેશ અપાતો નથી અને આગેવાનો પોતાની ફરજ સમજીને બજાવતા નથી તેથી કાંઇ માબાપોનો દોષ ઓછો થઈ શકતો નથી. આગેવાનો, ઉપદેશકો અને માતાપિતાની ફરજ જુદી જુદી છે. કોમના આગેવાનો કદાચ વાસ્તવિક ફરજો સમજી બાળકોના હિતની સંસ્થાઓ સ્થાપે, બાળક અને બાળકીઓની જીંદગી સુધરે તેવા જ્ઞાતિના ધોરણ બાંધે અને કોમનું કલ્યાણ થાય તેવા રૂઢિમાં સુધારા કરે તેથી માબાપની જે ફરજ છે તે પૂર્ણ થઈ શકતી નથી. કોમ તરફથી જે શિક્ષણ સંસ્થાઓ થાય તે સાર્વજનિક કહેવાય અને તેમાં સર્વ બાળકોને ઉદ્દેશીને શિક્ષણ કે જ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી શકાય; પરંતુ માબાપનો ઉપદેશ અને શિક્ષણ પોતાનાં બાળકોને અપરિમિત લાભ આપી કોઇ વિલક્ષણ પ્રકારનો સુધારો કરી શકે. મનુષ્યપ્રકૃતિનું અવલોકન કરનાર એક કુશળ વિદ્વાને કહ્યું છે કે–'બાળકો દોઢથી અઢી વર્ષ પર્યંતના થાય તે અરસામાં તેમને એટલું જ્ઞાન પ્રાપ્ત થાય છે કે તેટલું જ્ઞાન તેમની બાકીની આખી જીંદગીમાં પણ પ્રાપ્ત થઈ શકતું નથી.' આ વિચાર આધારવાળો છે. કારણકે તે સમયે બાળકની અવલોકન શક્તિમાં આશ્ચર્યકારક વધારો થાય છે. સારૂં અવલોકન એ તેનો શિક્ષાગુરૂ છે. આ વખતે બાળકનું હૃદય સ્વભાવેજ સ્વચ્છ હોય છે, તેમાં જેવું પ્રતિબિંબ પાડવું હોય તેવું પડી શકે છે. વળી બીજા એક વિદ્વાને કહ્યું છે કે 'શરૂઆતનો શિક્ષક જો સારો હોય તો નઠારૂં બાળક હોય તોપણ સુધરે છે અને શરૂઆતનો શિક્ષક જો સારો ન હોય તો ગમે તેવું સારૂં બાળક પણ બગડે છે.' બચ્ચાંઓના શરૂઆતના શિક્ષક તરીકે માબાપજ ગણાય છે. ન્હાની ઉમરમાંથી માબાપ જેવી અસર કરે, જેવી તેના અવલોકનમાં છાપ પાડે તેવો પાયો તેના પ્રવર્તનનો નખાય છે. પાયો ખરાબ અને અવ્યવસ્થિત હોય તો ગમે તેવું સારી રીતે ચણેલું મકાન પણ ખળભળીને પડી જાય છે તેમ ન્હાની ઉમરમાંથી ખરાબ અને અવ્યવસ્થિત શિક્ષણ મળ્યા પછી બાળકને ગમે તેટલું ભણાવો પણ તેનું વર્ત્તન ખામીવાળુંજ રહેવાનું. સો શિક્ષકો કરતાં પણ માબાપનું શિક્ષણ છોકરાંઓને વધારે અસર કરે છે; માટે પોતાનાં બાળકોને નીતિમાન્, પ્રમાણિક અને સત્યવાદી બનાવવાની ઇચ્છાવાળાં માબાપોએ પોતે તેવાં થઇ બાળકોનાં હૃદય ઉપર તેની છાપ પ્રથમથીજ પાડવી જોઇએ. કુશળ વિદ્વાનોનો એકજ અભિપ્રાય છે કે જો બાળકોને સુધારવાં હોય, નીતિમાન્ અને ધાર્મિક કરવાં હોય તો માબાપોએ તેવાં થવું જોઇએ. આપણામાં કહેવત છે કે ' દેખ દેખે અને શિખ શીખે ' અર્થાત્ બાળકો જેવું પોતાના ઘરમાં દેખે તેવુંજ શિક્ષણ મેળવે, માટે પોતાનાં બાળકોને નીતિમાન્ અને ધાર્મિક કરવાની ઇચ્છાવાળાં સર્વ માબાપોએ પોતાના ઘરમાં પોતાનું અને ઘરનાં સર્વ માણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાનું તેવું શુદ્ધ આચરણ કરવા ઉપર લક્ષ્ય આપી બાળકોને તેવો બોધ આપવાનો પ્રયત્ન કરવો જોઇએ-અર્થાત્ સ્વયમેવ બોધ મળે તેવાં સાધનો યોજી રાખવાં જોઇએ. એ પ્રમાણે ન વર્ત્તે તે માબાપો બાળકો પ્રત્યેની પોતાની ફરજ સમજતાં નથી અને બજાવતાં નથી એમ ગણી શકાય. કેટલીએક વખત તેવાં માબાપોને પોતાની ફરજો નહિ બજાવ્યાની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શિક્ષા થતી પણ આપણે જોઇએ છીએ. માટે જેઓને પોતાની ઓલાદને સારી સ્થિતિ ઉપર લાવવાની ઇચ્છા હોય તેઓએ બાળકો પ્રત્યેની પોતાની ફરજ બરાબર સમજી તે બજાવવા ઉદ્યુક્ત થવું આવશ્યક છે. ”

'સારા કાકા! આજથી આપ નવું પુસ્તક શરૂ કરવાના છો તેને બદલે આ દશ મહા શિક્ષાઓ વિષે વ્યાખ્યાન આપી અમને સમજાવો તો બહુ સારૂં.' વિજયાએ કહ્યું. 'પિતાજી! સુભદ્રા બ્હેન થોડા વખત પછી સાસરે જશે માટે આપનો તેવો વિચાર થતો હોય તો જેમ જલદી શરૂ કરશો તેમ બ્હેનને તેનો લાભ મળશે.' શારદાએ પોતાનો ભાવ જણાવ્યો.

'મારા મનમાં શિક્ષાપત્ર વંચાઇ રહ્યા પછી એવોજ કાંઇ વિચાર ચાલતો હતો કે આ શિક્ષાઓ વિવેચન અને દૃષ્ટાંત સાથે બાળકોને સમજાવાય તો તેથી બહુ સારો લાભ થાય. તમારો સર્વનો એકમત થશે તો તેવો વિચાર કરશું. પણ આજે વિનયચંદ્ર કેમ નથી આવ્યો?' સારાભાઇએ પુછ્યું.

'બપોરે પ્રજ્ઞાદેવી મારી પાસે આવ્યા હતા તેઓ કહેતા હતા કે આજે તો હું પણ રાત્રે આવીશ.' સુશીલાએ જવાબ આપ્યો.

એવામાં પ્રજ્ઞાદેવી અને વિનયચંદ્ર આવ્યા, સાથે પ્રબોધચંદ્ર પણ હતા. પ્રજ્ઞાદેવી પ્રબોધચંદ્રની સ્ત્રી હતી, અને વિનયચંદ્ર તેનો પુત્ર હતો. પ્રબોધચંદ્રે થોડા વખતથી પાસેના મકાનમાં રહેવાનું રાખ્યું હતું. સારાભાઇએ દશ મહાશિક્ષાનો પત્ર પ્રબોધચંદ્રને બતાવ્યો, તે વિષે દૃષ્ટાંત સાથે વિવેચન સાંભળવાનો સર્વ બાળકોનો ભાવ પણ જણાવ્યો અને સાથે સૂચવ્યું કે 'હાલમાં જો પુરસદ હોય તો તમે વખત લઇ તે વિષે વ્યાખ્યાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપો તો સર્વ અત્યંત ખુશી થાય.' તેના ઉત્તરમાં 'શિક્ષાઓ બહુ સારી છે, બાળક, યુવાન અને વૃદ્ધ સર્વેએ અવશ્ય સમજવા જેવી છે અને બાળકોને ન્હાની ઉમરમાંથી તે વિષે સમજાવવામાં આવે તો તેના હૃદયમાં નીતિ અને ધર્મના તત્વોની ઉંચા પ્રકારની છાપ બેસે' એવો પોતાનો અભિપ્રાય આપવા સાથે પોતાથી કામને લીધે રાત્રે આવી શકાય તેવું નથી માટે સારાભાઇને તે વિષયે ભલામણ કરી પ્રબોધચંદ્ર સર્વની રજા લઈ પોતાને કામે ગયા. જતાં જતાં તેઓ કહેતા ગયા કે 'વખત મળશે તો કોઈ કોઈ વખત હું પણ આવીશ.'

સર્વનો એકમત થયો, માસ્તરે પણ સંમતિ આપી અને 'આજે વિજયદશમી છે તેથી મુહુર્ત પણ સારૂં છે, માટે મારો વિચાર છે કે પિતાજીએ આજથીજ દશ મહાશિક્ષા વિષેનું વિવેચન શરૂ કરવું.' એવી બાબુએ દરખાસ્ત કરી.

તેને સર્વેએ એક સાથે ટેકો આપ્યો અને તે દિવસથીજ દશ મહાશિક્ષાનું વિવેચન શરૂ કરવું ઠર્યું.

સુશીલાએ કહ્યું કે 'વખત બરાબર થઇ ગયો છે.' એટલે સઘળાંઓ સારાભાઇની આસપાસ ક્રમસર ગોઠવાઇ વિનયયુક્ત બેઠાં અને સારાભાઇએ દશ મહાશિક્ષા વિષે વિવેચન શરૂ કર્યું.

---

# ग्रंथावलोकन.

## કલ્પસુત્રની સુખબોધિકા ટીકાનું ગુજરાતી ભાષાંતર.

કિ. રૂ. ૬॥

આ ભાષાંતર જામનગરનિવાસી પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ પાસે કરાવીને શા. ભીમશી માણેકના નામથી સંવત ૧૯૫૬ માં છપાવીને પ્રગટ કરવામાં આવ્યું છે.

આ બુક જે વખત અમારા હાથમાં આવી તે વખતેજ પન્યાસજી શ્રી ગંભીરવિજયજીને આપેલી, તે વાંચતાં તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહેબે તેની અંદર ઘણી જગ્યાએ અર્થનો અનર્થ, અર્થનો વિપર્યય, અર્થનું છોડીદેવાપણું વિગેરે બતાવ્યું હતું. તેજ વખતે એ સંબંધમાં બે બોલ લખવાની અમારી ઇચ્છા હતી પણ અન્ય કાર્યપરત્વે તે રહી ગયું હતું. હાલમાં પર્યુષણ પર્વ નજીક આવવાથી એક મુનિરાજે તે સંબંધમાં પત્રદ્વારા કેટલીક ભુલો સુચવી છે તેથી એવી ભુલો ફરીને બીજા કાર્યમાં ન થવા માટે તેમજ કદિ આ બુકની બીજી આવૃત્તિ થવાનો વખત આવે તો તેમાં સુધરી શકવા માટે કેટલીક ભુલો આ નીચે બતાવવામાં આવી છે.

માત્ર ભાષાંતરકારની ઉપર વિશ્વાસ રાખવાથી આવી ભુલો થાય છે. સુજ્ઞ શ્રાવક ભીમશી માણેક પંચત્વ પામી ગયા પછી પણ તે ખાતું શરૂ રહ્યું છે, તેની બુકોએ આપણા જૈનવર્ગ ઉપર ઘણો ઉપકાર કર્યો છે પરંતુ તેમના અભાવ પછી જાતે તપાસનાર ધર્મશાસ્ત્રજ્ઞ કોઇ ન હોવાથી જે જે કામો નવાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે તેમાં બહોળે ભાગે થોડી યા ઘણી ભુલો થવા પામી છે. હાલમાં બીજી બુકોના સંબંધમાં ન બોલતાં પ્રસ્તુત બુકમાંહેની કેટલીક ભુલો આ નીચે બતાવવામાં આવી છે.

પૃષ્ટ ૧૧ માં મનુષ્યના શરીરના બત્રીશ લક્ષણો પૈકી ટીકામાં છ વાના ઉન્નત હોય એમ લખેલ છે છતાં આ ભાષાંતરમાં પાંચ વાના ઉંચા હોય એમ લખ્યું છે. નામ પણ પાંચ આપ્યાં છે. છઠું મુકી દીધું છે.

પૃષ્ટ ૧૮ માં મેઘકુમારે આઠ સ્ત્રીઓની સાથે દીક્ષા લીધાનું લખ્યું છે. પરંતુ ટીકામાં આઠ સ્ત્રીઓને તજીને દીક્ષા લીધાનું લખેલ છે.

પૃષ્ટ ૨૧ માં દશ અછેરાના નામમાં ભગવંત ઋષભદેવજીની સાથે ૧૦૮ સિદ્ધ થયાની હકીકત ટીકામાં છે તેને બદલે 'આઠસોનું સિદ્ધ થવું' એમ લખ્યું છે.

પૃષ્ટ ૩૨ માં ત્રિશલા માતાની શય્યાના વર્ણનમાં ટીકામાં મનુષ્ય દેહ પ્રમાણ ગંડોપધાન (ગાલમસુરીયું) લખેલ છે તેને બ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃષ્ટ ૮૦ માં ઋષભપ્રભુએ ૬૪૦૦૦ રાજાઓની સાથે દીક્ષા લીધાનું લખ્યું છે પરંતુ ટીકામાં સ્પષ્ટ રીતે ૪૦૦૦ લખેલા છે.

પૃષ્ટ ૧૧૧ માં રાજુલે પોતાની ડાબી આંખ ફરકયાનું સખીઓને કહ્યું એમ લખ્યું છે પણ ટીકામાં પ્રત્યક્ષ દક્ષિણ ચક્ષુ એટલે જમણી આંખ ફરકયાનું જણાવેલ છે. વળી સ્ત્રીની જમણી આંખ ફરકે તોજ અનિષ્ટ સુચવે છે એ વાત સુપ્રસિદ્ધ છે.

આ તો સ્થુળ સ્થુળ ભુલો બતાવવામાં આવી છે કે જે ભુલો સૌ કોઇ સહેજે સમજી શકે તેવી છે. શિવાય બીજી પણ અનેક ભુલો છે. તે જાણવાની જરૂર જણાવવામાં આવશે તો લખી મોકલશું. જે શ્લોકો વિગેરેના અર્થ મુકી દીધા છે તે વિષે પણ જણાવશું.

અમે ભાષાંતર છપાવવાની તરફેણના વિચારવાળા છીએ, પરંતુ આ ટીકાનું ભાષાંતર છપાવવામાં અમારો વિચાર વિરૂદ્ધ છે. કારણકે એમાં કેટલોક ભાગ મૂળ માત્રજ છે કે જેની ટીકા કરવામાં આવી નથી. તે મૂળ વાંચવાનો સાધુને પણ યોગ વહ્યા શિવાય અધિકાર નથી તો શ્રાવક તો કેમજ વાંચી શકે અને તેનું ભાષાંતર કરી શકે? વળી આટલાજ કારણથી કલ્પસુત્રના બાળાવબોધ બીજા થયેલા છે જેમાં ખીમસહી બાળાવબોધ મુખ્ય ગણાય છે તેવા કોઇ બાળાવબોધકારે આ ટીકાનું ભાષાંતર કર્યું નથી. શું તેઓ કરી શકે તેમ નહોતું? હતું, પણ તેમણે તે કરવા યોગ્ય ગણ્યું નહોતું. તેથીજ બીજા સ્વતંત્ર બાળાવબોધ લખ્યા છે. શ્રીજ્ઞાનવિમળસુરિએ કલ્પસૂત્રની ઢાળો રચેલી છે તે બાળાવબોધ સહિત છપાયેલ છે. અમારી માન્યતા પ્રમાણે એ વાંચવું વધારે યોગ્ય છે. આ ભાષાંતર કરતાં તે વધારે યોગ્ય તેટલા માટે પણ છે કે તેમાં ભુલ હોવાની વાત હાલ સુધીમાં બહાર આવેલી નથી; જો કે તે આ કરતાં બહુ વર્ષ અગાઉ છપાયેલ છે.

આ લખાણ ઉપરથી ભાષાંતર કરનારે કે કરાવનારે કિંચિત્ પણ ખેદ કરવા યોગ્ય નથી. અમારા કહેવાનો સાર માત્ર એટલોજ છે કે આપણા વિશ્વાસ ઉપર રહેનાર જૈનવર્ગ ભુલાવો ન ખાય તેવી પ્રવૃત્તિ રાખવી એ આપણી ફરજ છે; તેમાં જે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટલી ભુલ થાય, ગફલત થાય, પ્રમાદ રાખવામાં આવે કે વખતનો સંકોચ કરી જેમ ચાલે તેમ ચલાવી લેવામાં આવે તેને માટે આપણે પુરેપુરા જવાબદાર છીએ. વધારે લખવાની જરૂર નથી.

# मृत्यु पाछळ जमणवार.

આ વિષય આપણા જૈનવર્ગમાં બહુ મુદતથી ચર્ચાય છે, ઘણા ભાગને મૃત્યુ પાછળ જમણવાર કરવો તે અઘટિત લાગી છે, આ વિષય ઉપર ઘણા લેખ લખાણા છે, ઘણાં ભાષણો અપાણાં છે અને તે સંબંધી ઠરાવો પણ ઘણી જગ્યાએ થયા છે. તેના ઠરાવો પૈકી કેટલાકે મુદત લંબાવી છે, કેટલાકે રૂપાંતર કરવું ઠરાવ્યું છે, કેટલાકે પ્રમાણ ઘટાડ્યું છે અને કેટલાકે ઉમરનું પ્રમાણ બાંધી મોટી ઉંમરના વૃદ્ધોને માટે છુટું રાખ્યું છે. હવે વિચારવાનું એ છે કે જો એ કર્તવ્યજ નથી, કરવાથી હાનિ છે, મિથ્યાત્વનું કારણ છે, મિથ્યાત્વની પુષ્ટિ કરનાર છે ત્યારે તો પછી વહેલું કરો કે મોડું કરો, નાતના નામથી કરો કે સંઘ યા નવકારશીના નામથી કરો, નાના પ્રમાણમાં કરો કે મોટા પ્રમાણમાં કરો, નાની ઉમરવાળાનું કરો કે વૃદ્ધનું કરો પણ તે કરવાપણુંજ અઘટિત છે. જો કે એવા ઠરાવોથી કાંઇક ફેર પડે છે; કેટલાએક સામાન્ય સ્થિતિવાળાનો બચાવ થાય છે. ક્રમે ક્રમે ઘટવાનાં ચિન્હો દેખાય છે, પણ એટલા ઉપરથી આપણી શ્રદ્ધા કે પ્રતીતિ એના અકર્તવ્યપણા માટે દૃઢ થયેલી જણાતી નથી.

આજસુધી અનેક ભાષણોમાં અને અનેક લખાણોમાં અનેક પ્રમાણો આ વિષયના અકર્તવ્યપણા પરત્વે અપાણાં છે, પરંતુ આ લેખમાં જે પ્રમાણ બતાવવાનું છે તે એ સર્વ કરતાં ઉચ્ચ સ્થિતિવાળું છે અને તેના ઉપર સહુ કોઇ આધાર રાખે, કબુલ કરે, ના પાડી ન શકે, અસ્વિકાર ન કરે તેવું છે.

શ્રી દશવૈકાળિક સૂત્ર જે શ્રી સુધર્માસ્વામીથી ત્રીજા પાટે થયેલા શ્રી સય્યંભવ સરિ શ્રુત કેવળીએ પોતાના પુત્ર મનક મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિને પ્રતિબોધ થવા માટે પૂર્વમાંથી ઉદ્ધરીને બનાવ્યું છે અને જે ચાર મૂળ સૂત્રોની અંદર ગણાય છે તેના દશ અધ્યયનો પૈકી સાતમા અધ્યયનની ૩૬ મી ગાથામાં કહ્યું છે કે–

**तहेव संखडिं नच्चा, किच्चं कज्जंति नोवए ।**

**શ્રી હરિભદ્રસૂરિકૃત વૃત્તિ–**

**तथैव संखडिं ज्ञात्वा संखडयंते प्राणिनामायूंषि यस्यां प्रकरण क्रियायां सा संखडि । तां ज्ञात्वा करणीयेति पित्रादि निमित्तं कृत्यैवेषेतिनोवदेत् । मिथ्यात्वोपबृंहणदोषात् ॥**

મુનિએ કેવી ભાષા બોલવી તેનો અહીં પ્રસ્તુત પ્રસંગ છે, તે પ્રસંગમાં મૂળ સૂત્રકાર પ્રથમ બીજી વાત કહીને પછી કહે છે કે–“ તેમજ સંખડિને જાણીને તે કરવા યોગ્ય છે એમ પણ મુનિ ન બોલે. ” આનો ટિકાકાર સ્પષ્ટાર્થ આ પ્રમાણે કરે છે– “ તેમજ સંખડિને જાણીને–( સંખડિ કોને કહીએ? ) પ્રાણીઓનું આયુષ્ય જે ક્રિયા કરવામાં ખંડિત થાય છે તેનું નામ સંખડિ અર્થાત્ જમણવાર. તેને જાણીને પિતાદિને નિમિત્તે તે કરવા યોગ્ય છે એમ મુનિ ન બોલે. ( શામાટે ન બોલે ? ) તેમ કહેવામાં મિથ્યાત્વની વૃદ્ધિ થવા રૂપ દોષ હોવાથી. ”

હવે આની ઉપર વિચાર ચલાવીએ. સિદ્ધાંતકાર મુનિઓને આવી જમણવાર કરવા યોગ્ય છે એમ બોલવાની પણ ના પાડે છે. તેમાં પ્રસંગ શું બતાવે છે કે–‘પિતાદિને નિમિત્તે’ અર્થાત્ માતા, પિતા, પિતામહાદિ વૃદ્ધ મનુષ્ય મૃત્યુ પામેલ હોય તેની પાછળ જમણવાર કરવાના સંબંધમાં મુનિ પુછ્યે કે વગર પુછ્યે ‘તે કરવા યોગ્ય છે’ એમ ન કહે. શામાટે ન કહે ? તેના ખુલાસામાં મુનિરાજને ત્રિવિધે ત્રિવિધે પ્રાણાતિપાતાદિનો ત્યાગ છે તે હેતુ બતાવ્યો હોત તો કદિ શ્રાવક ભાઈઓ તેમાંથી નીકળવાની બારી શોધી કાઢત કે મુનિરાજ તો તેમને ત્રિવિધે ત્રિવિધે હિંસાદિના પચ્ચખ્ખાણ હોવાથી કરવા યોગ્ય છે એમ ન કહે પણ આપણે શ્રાવકને કાંઈ ત્રિવિધે ત્રિવિધે તેનો ત્યાગ નથી તેથી આપણે કરવામાં કે કહેવામાં અડચણ નથી. પરંતુ ધુરંધર યુગપ્રધાન, ૧૪૪૪ ગ્રંથોના કર્તા, જૈનશાસનના સ્થંભભૂત શ્રીમાન્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે–'મિથ્યાત્વની વૃદ્ધિ થાય તે હેતુ માટે મુનિ એમ ન કહે.' હવે મિથ્યાત્વનો ત્યાગ તો મુનિને અને શ્રાવકને બંનેને છે. તેમાં કાંઈ શ્રાવક સાધુનું જુદાપણું નથી. તેથી મુનિ જ્યારે મિથ્યાત્વનો હેતુ જાણી તેને કર્તવ્યપણે ન કહે ત્યારે શ્રાવક પણ તેને કર્તવ્યપણે કહી શકે નહીં, માની શકે નહીં, તેમ આચરી પણ શકે નહીં. આ તો સજ્જડ તાળું દેવાયું. એ તાળું તો મિથ્યાત્વી થાય તેજ ઉઘાડે.

હાલમાં ચાલતી પ્રવૃત્તિ પરત્વે પ્રસંગોપાત્ કહેવાનું કે મૃત્યુ પાછળ કારજ (જમણવાર) ન કરવાના સંબંધમાં સજ્જડ ઠરાવ ન કરતાં 'અમુક મુદત પછી કરવું હોય તો કરે' એવો ઠરાવ ઠરાવ કરનારની પ્રત્યક્ષ નબળાઇ બતાવે છે. વળી મુદતની અંદર પણ થોડું અથવા ઝાઝું કરવું અને જવાબમાં ઝાઝું કર્યા છતાં થોડું કહેવું કે થોડું કર્યા છતાં ઝાઝું કહેવું આ બધા ઠરાવને અક્ષરશઃ ન પાળવાના આચાર છે. વળી મુદત પછી પણ મૃત્યુ નિમિત્તે સંઘના કે નવકારશીના નામથી જમણવાર કરવી તેમાં જોકે રૂપાંતર થાય છે પરંતુ કારજમાં જમવા નહીં જવાના નિયમવાળાને જમવા જઇ શકાય કે નહીં ? તે મોટો સવાલ છે. કેમકે એમાં નિમિત્ત ગુપ્ત રાખવામાં આવતું નથી પણ પ્રગટ કહેવામાં અને સમજવામાં આવે છે. વળી નાની ઉમ્મરવાળાનું ન કરવું અને મોટી ઉમ્મરવાળાની પાછળ કરવું એ પણ વિપરીત છે કારણકે ઉપર બતાવેલા પાઠમાં પ્રગટપણે પિતાદિની પાછળના જમણવારનો નિષેધજ સૂચવે છે. તો તે પ્રમાણે જ્યારે વૃદ્ધને માટે નિષેધ થયો ત્યારે પછી યુવાનને માટે તો થઇજ ગયો તેમાં પુછવાપણું રહેતું નથી. આ સંબંધમાં પ્રથમ ઘણીવાર લખાયા છતાં વધારે પ્રબળ આધાર મળવાથી આ લેખ લખ્યો છે. આશા છે કે આવાં ટંકશાળી વચન સાંભળ્યાં કે વાંચ્યાં પછી શ્રાવકપણાનું અભિમાન ધરાવનાર કોઇ પણ શ્રાવક તે સંબંધમાં પોતાનો આગ્રહ રાખશે નહીં અને તેવા મિથ્યાત્વ વૃદ્ધિરૂપ કાર્યનું સમૂળ ઉન્મૂલન કરવા તત્પર થશે. કિંબહુના !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सामायिक विचार.

(અનુસંધાન પૃષ્ટ ૧૨૨ થી)

**વિધિ-હેતુ.**

સામાયિક લેવાનો વિધિ એવો ગોઠવ્યો છે કે શરૂઆતથીજ જીવ જાગૃત રહે, સુવિનીત રહે; એ વિધિ મુજબ સમજીને સામાયિક કરવું પરમહિતનું કારણ છે. પ્રમાદથી કે અજ્ઞાનથી કે અજ્ઞ પરંપરા દોષથી એ વિધિ આચરવામાં શિથિલતા આવી ગઇ છે. એકતો વિધિના હેતુ સમજાયા હોતા નથી, અથવા સમજવાનો પ્રયાસ નથી, અને બીજું એ હેતુ સમજાએલ નહિં હોવાથી રૂચિના અભાવે તથા આલસ્યને લઈ એ વિધિ વેઠરૂપ થાય છે. આથી મહત્વની બાબત જે જીવની જાગૃતિ તથા સુવિનીતપણું, એ ઘણે મોટે અંશે સ્ખલના પામે છે. માટે યથા વિનય, યથાવિધિ સામાયિકકર્તવ્ય છે.

**વિધિ, અવિધિ વિચાર.**

મુખ્ય વૃત્તિએ તો સામાયિક યથાવિધિ કરવું કહ્યું છે; એટલે સામાયિકનો શરૂઆતનો અભ્યાસી યથાવિધિ ન આચરી શકે તો એમાં નવાઇ નથી; શરૂઆતમાં કદાચ અનભ્યાસને લઈ સામાયિકના જિજ્ઞાસુથી વિધિ બરાબર સાચવી ન શકાય, તો તેથી તેણે સામાયિક ન કરવું, એમ નથી; અર્થાત્ **વિધિપૂર્વક કરવાનો લક્ષ રાખી વિધિપૂર્વક પોતાથી થઇ શકે એવો અભ્યાસ પાડતા રહી ધીમે ધીમે તેણે સામાયિક કર્યાંજ કરવું.** કારણ કે કાર્યસિદ્ધિ અભ્યાસવડે થઇ શકે છે; "રાધાવેધ" એકદમ સાધી શકાતો નથી; તે સાધનાર જેમ ઉત્તરોત્તર સજાગર અભ્યાસથી એ સાધવાની સ્થિતિ ઉપર પણ આવે છે. તેમ યથાવિધિ સામાયિકના ઇચ્છક પુરૂષો અભ્યાસે કરી, સતત જાગૃતિએ કરી યથાવિધિ સામાયિક કે બીજાં આત્મહિતરૂપ કાર્યો સાધી શકે છે. જ્ઞાનીઓએ સામાયિકને આ હેતુએ એક શિક્ષાવ્રતમાં ગણ્યું છે. "**साधु धर्माभ्यासः शिक्षा**" ઇતિ શ્રી ધર્મબિંદૌ. એટલે જેથી રૂડો અભ્યાસ થઈ શકે એ શિક્ષાવ્રત. એટલે અભ્યાસે કરી યથાવિધિ થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે. કોઇ કહેછે કે–"अविधिकृताद्वरमकृतं"–અર્થાત્ અવિધિથી કરવા કરતાં અણકરવું ભલું.–એટલે કે સામાયિક યથાવિધિ ન થાય તો ઠામુંકું ન કરવું. પણ આમ કહેનારનું કહેવું અસમંજસ અને નિરપેક્ષ લાગે છે; કેમકે આપણે ઉપર જોયું તેમ કંઇ પણ કાર્યની સિદ્ધિ તેના અભ્યાસવડે થઇ શકે છે. તો યથા વિધિ સામાયિકની સિદ્ધિ પણ સામાયિકના અભ્યાસવડે થઇ શકે છે. મૂળાક્ષરો યથાસ્થિત લખવા જોઇએ, પણ એ યથાસ્થિત લખી શકવાનું સામર્થ્ય આવ્યા પૂર્વે અનેક વખત અયથાસ્થિતપણે લાંબા–ટુંકા, આડા–અવળા, નાના મોટા મૂળાક્ષરો અને તે પણ ધીમે ધીમે, સ્ખલના ખાતાં, ઠેબાતાં ઠેબાતાં લખાય છે. અને મહાવરાએ કરી જ્યારે હસ્તાદિ ઉચિત સ્થિરતાને પામે છે. મનમાં તેના રૂપની, વર્ણની, આકૃતિ આદિની અડોલ છાપ પડે છે. વચન પણ શુદ્ધ રીતે, સ્પષ્ટ–અસ્ખલિત વાણીએ, મુખમાંથી ઝરે છે. ત્યારેજ યથાવિધિ થયું કહેવાય છે, અને તે અભ્યાસે કરી થઈ શકે છે. આર્ષ વચન પણ છે કે:—

**अविहि कया वरमकयं उस्सूय वयणं भणंति समयन्नू ।**
**पायच्छितं जम्हा, अकये गुरुयं कये लहुयं ॥**

અર્થાત્–"અવિધિએ કરવા કરતાં અણકર્યું ભલું"–એ વચનને સમયના જાણ પુરૂષો ઉત્સૂત્ર કહે છે. (અલબત) અણકર્યામાં અને અવિધિથી કર્યામાં બંનેમાં પ્રાયશ્ચિત્ત તો લાગે છે, પણ અવિધિએ કરવામાં લઘુ પ્રાયશ્ચિત્ત લાગે છે અને ન કરવામાં મોટું પ્રાયશ્ચિત્ત લાગે છે. માટે નહિ કરવા કરતાં અવિધિએ કર્યું પણ ભલું. વિધિ–અવિધિના સંબંધમાં આ ખુલાસો છતાં, હાલ જીવોની દૃષ્ટિ જોતાં તેઓને કાંઇક વિશેષ ચાનક ચડે અને વિધિનો ખપ કરે એમ કરવું બહુ ઉચિત તથા જરૂરનું છે. જીવો અજ્ઞાનની એવી કોઇ દશામાં હાલ વર્તે છે, અને તેમના ઉપર પ્રમાદનો કોઇ એવો અમોઘ અમલ ચાલુ છે કે જે રસ્તે, જે ચીલે પડ્યા તે ખરૂં; તેમાંથી નીકળવા કે આગળ વધવામાં, કે પોતે રસ્તાપર છે કે રસ્તાથી પતિત થયા છે, તેની તપાસ કરવામાં તેઓને કંઇ વિચિત્ર આળસ થાય છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે તેવાઓને તો કાંઇ પણ ફળની આશા નહિં આપતાં, દેશ-કાળ વિચારી લઇ, એકદમ જોશભેર કહેવું યોગ્ય છે કે " અણકર્યા કરતાં અવિધિએ કર્યું ભલું " એમ કહેતાં પાર ન આવ્યો; અને એ બચાવે અવિધિમાંથી યથાવિધિ થઇ પણું નહિં; માટે હવે કાંઇપણ ફળ પ્રસાદી પામવી હોય તો વિધિ આચરો. "વંક જડાય પચ્છિમા" એ શ્રી ભગવત્નું પવિત્ર વાકય ખરેખર સત્ય છે. જીવને આંગળીની લાલચ આપીએ, તો પોંચાની આશા કરે છે; તેમ આજે જે વાકય કોઇ અમુક અપેક્ષાએ હેતુપૂર્વક કહ્યું, તેને જીવો પોતાના વલણ તરફ ખેંચી જઇ તેનો યથેચ્છ ઉપયોગ કરે છે. **ભગવાનનાં પવિત્ર વચનનો ગંભીર આશય તો એવો છે કે જે જીવ નહિં કરતો હોય તેના કરતાં ધીમે ધીમે જે જીવ અવિધિથી પણ કરવાનો અભ્યાસ પાડશે, અને એ અભ્યાસ સાથે યથાવિધિ કરી શકવાનો લક્ષ રાખશે તે સારો, તેનું કર્યું સારૂં;** કારણકે ભલે પ્રથમ તો અવિધિએ આચરે, પણ એનો લક્ષ તો-અંતર આશય તો, યથાવિધિ ભણીનો છે. તો તેવો જીવ અવશ્ય અભ્યાસે કરી યથાવિધ કરીજ શકશે. બાળક કકો ઘુંટતાં પછી ધીમે ધીમે ઠીક અક્ષર લખે છે, અને હું કેમ વધારે વધારે સારા અક્ષરો લખી શકું, એવી ઇચ્છા-ઉપયોગ-લક્ષથી જેમ તે ઉત્તરોત્તર વધારે વધારે સારા અક્ષરો લખતો જાય છે; તેમજ અહિં સમજવાનું છે. પણ હાલ તો પ્રાયઃ મોટો ભાગ હું યથાવિધિ કરી શકવા સમર્થ થાઉં એવા લક્ષ-ઇચ્છા-ઉપયોગ વિના આંખો મિંચી જેમ ચાલિયે છિએ તેમ ચલાવો, કરી આંધળાની લારે પડયા છે; જેથી પરિણામે પરમાર્થમાં બહુ હાનિ પહોંચે છે. એ ભુલાવામાંથી જાગૃત કરવા પવિત્ર આત્મહિતૈષી મુનિ તથા શ્રાવકોએ ઉચિત આચરવું યોગ્ય છે. નહિંતો "**જમું કોલુકે બેસકો, ઘરહિ કોશ હજાર**"-મુજબ જેમ થયાં કરે છે, તેમજ હજી ઘણો ઘણો વખત થવા યોગ્ય છે. પ્રસંગવશાત્ વિધિ-અવિધિનો આ વિવેક થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સામાયિક સ્વરૂપ.** સામાયિકનું ચાર પ્રકારનું સ્વરૂપ બાંધી શકાય. (૧) દ્રવ્યથી. (૨) ક્ષેત્રથી. (૩) કાળથી. (૪) ભાવથી.

**દ્રવ્યથી સામાયિક** દ્રવ્યથી સામાયિક માટે શરૂઆતમાંજ કહેવાઇ ગયું છે. જોઇતાં ઉપકરણો ઉપધિ, કપડાં, પુસ્તક, નોકરવાળી આદિ જ્ઞાનનાં સાધનો (જે સાધનો સામાયિકને પુષ્ટિ રૂપ હોય તે) શિવાય બીજાં પરની મમત્વ બુદ્ધિ ટાળવી, તેટલાંનીજ મર્યાદા રાખવી, તેટલાં ખપ જોગાં ગણી મોકળાં રાખવાં; એ દ્રવ્યથી સામાયિક. ટુંકામાં દ્રવ્યથી સામાયિક એમ સૂચવે છે કે સામાયિકના નિર્વાહ અર્થે જે લુગડાં-લતાં પુસ્તકાદિ જોઇએ તેની મર્યાદા કરવી, બાકીનાનું પચ્ચખાણ કરવું.

**ક્ષેત્રથી સામાયિક.** ક્ષેત્રથી સામાયિક એટલે સામાયિક કરવા માટે જેટલી જગ્યા રોકી હોય તેટલીની મર્યાદા કરી, બીજી જગ્યાનો પરિત્યાગ ધારવો તે.

**કાળથી સામાયિક** કાળથી સામાયિક જઘન્ય, ઓછામાં ઓછું એક મુહૂર્ત, બે ઘડી અથવા અડતાલીશ મીનીટનું સામાયિકી કાળનું માન છે. અત્રે કોઇ પ્રશ્ન કરે કે સામાયિકનાં પચ્ચખાણરૂપ સૂત્રમાં તો સામાયિકી કાળની કાંઇ અમુક મર્યાદા બાંધી નથી, એમાં તો જ્યાં સુધી નિયમ હોય ત્યાં સુધી, પછી ચાહેતો એ નિયમ પા કલાકનો, અર્ધા કલાકનો કે કલાક બે કલાકનો કે વિશેષ ઓછો ધારો. આ પ્રશ્નકારનું સમાધાન આમ થવા યોગ્ય છે કે હમેશાં નિર્દોષ અને સુપ્રતિષ્ઠિત આપ્તરૂપ વૃદ્ધ પુરૂષોએ જે આમ્નાય પાડી હોય, બાંધી હોય, તે પ્રમાણે ચાલવું શ્રેયઃરૂપ છે. શ્રીમદ્‌હેમચંદ્રાચાર્ય શ્રી યોગશાસ્ત્રને વિષે સામાયિક શિક્ષાવ્રતના અધિકારે બે ઘડીનું સામાયિકનું ઓછામાં ઓછું કાલમાન કહે છે. તો તેવા સુપ્રતિષ્ઠિત ધુરંધર મહાન્ આચાર્યના વચનનું ઉલ્લંઘન થવું ન જોઇએ. કદાચ્ બે ઘડી જેટલો પણ વખત ન મળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પા કે અરધી કે એકજ ઘડી કે એથી ઓછો–વધારે વખત મળે તો તે અવકાશ મુજબ સમતા ભાવમાં રહેવું; તો તેટલા વખત સુધી પણ સાવદ્યયોગની વિરતિરૂપ મહાલાભ મળશે. પણ પૂર્વ આચાર્યના બહુ માન ખાતર કરેમિભંતેનો પાઠ ન પ્રકાશવો; આમ અર્થદીપિકાકાર શ્રી રત્નશેખર સૂરિ પ્રકાશે છે. કાળથી સામાયિકનું આ વિવરણ થયું.

**ભાવથી સામાયિક.** ભાવથી રાગ–દ્વેષ રહિત થવું, રાગ–દ્વેષ રહિત થવાનો ભાવ રાખવો, રાગ–દ્વેષ રહિત થવાનો પ્રયાસ કરવો, યથાશક્તિ રાગ–દ્વેષ રહિત થતા જવું, આત્માની ઉજ્જવળતા વધારવી, આ ભાવથી સામાયિકનું સ્વરૂપ સમજવું.

**વિશેષ.** આત્માર્થીએ સામાયિક લેતાં આ ચાર બાબતો અવશ્ય વિચારી જવી જોઇએ. દ્રવ્ય, ક્ષેત્ર અને કાળનું માન કરી ભાવથી સામાયિકમાં સ્થિત થવું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં, દ્રવ્ય અને ક્ષેત્ર જેમ બને તેમ સંક્ષેપવાનાં છે, અને કાળ અને ભાવની વૃદ્ધિ કરવાની છે. ઉપર જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળની મર્યાદા બતાવી, તેમાં કારણવિશેષે, સદ્‌ગુરૂ આજ્ઞાએ વધઘટ કરી શકાય. અર્થાત્ :—

(૧) દ્રવ્ય ધારેલ હોય તે કરતાં કદાચ્ વિશેષની જરૂર પડે, જેમકે શીત–ઉષ્ણ પરીસહ બહુ લાગતો હોય અને દેહ પડી જવા જેવો ભય ઉપજ્યો હોય અને વિશેષ કપડાંની અણચાલે જરૂર પડી, અથવા પુસ્તકાદિની જરૂર પડી, તો ત્યાં દ્રવ્યની મર્યાદા "મહુત્તરાગારાદિ" વિચારી, સદ્‌ગુરૂ આજ્ઞાએ, અથવા એના અભાવે આત્મ–સાક્ષિએ વધારી શકાય. આ અપવાદ રૂપે છે. ઉત્સર્ગ માર્ગે તો પ્રથમથીજ દ્રવ્યની મર્યાદા બાંધી બીજાંપરની મૂર્છા, બીજી વિષેનો વિકલ્પ ટાળવા યોગ્ય છે; પણ અપવાદ માર્ગે ઉપર મુજબ વધારી શકાય. અપવાદ પણ એને કહી શકાય કે જે સેવ્યે આત્માર્થ સરે, અને આત્માર્થને કાંઇ પણ બાધા ન આવે.

(૨) ક્ષેત્ર—ધારેલ હોય તે કરતાં વિશેષની જરૂર પડે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમકે સર્પાદિ સામા આવે, અથવા કોઇ જીવને બચાવવાનું કારણ મળે અથવા સદ્ગુરૂની આજ્ઞા થાય અથવા પરમ સદ્ગુરૂના વિનય, વૈયાવૃત્યનો કોઇ અપૂર્વ લાભ હોય તો ત્યાં સદ્ગુરૂ આજ્ઞાએ, સદ્ગુરૂના અભાવે આત્મ સાક્ષિયે ક્ષેત્રમર્યાદા વધારી શકાય, અથવા ક્ષેત્ર બદલી શકાય. આ બંનેમાં યતના પૂર્વક, જોઇ જાળવી, પુંજી પ્રમાર્જિ ચાલવાનો અને સામાયિકના હેતુનો જાગૃત લક્ષ રાખવો.

(૩) કાળ માટે પણ ઉપરથી સમજાઇ શકશે.

(૪) પણ ભાવના સંબંધમાં તો અપવાદ હોઇ શકેજ નહિં. કેમકે :—

**“કરેમિભંતે” સૂત્ર.**

સામાયિકના પચ્ચખાણરૂપ સૂત્ર “ કરેમિભંતે ” થી સામાયિકનું સ્વરૂપ બરાબર સમજાશે, તેમાં કહેલ છે કેઃ-“ હે ભદંત, હે કલ્યાણકારિ પ્રભો ! હું સામાયિક કરૂં છું; સાવદ્યયોગનું પચ્ચખાણ કરૂં છું; અર્થાત્ જેથી પાપ-દોષ લાગે, આત્માર્થ હણાય એવાં મન-વચન-કાયા ત્રણેના યોગનું પચ્ચખાણ કરૂં છું; અર્થાત્ મનથી માઠું ચિંતવું નહિ, વાણીથી માઠું ઉચ્ચારૂં નહિં, કાયાથી માઠું આચરૂં નહિં, હિંસા થાય તેમ કાયા પ્રવર્તાવું નહિં; એમ એ યોગના પચ્ચખાણ કરૂં છું. મન-વચન-કાયાની ચંચળતાથી વિરમું છું. કયાં સુધી ? તોકે, જ્યાં સુધી નિયમ હોય ત્યાં સુધી, અર્થાત્ ઓછામાં ઓછી બે ઘડી સુધી. હવે ત્યારે સાવદ્ય યોગથી વિરમી શું કરવું ? તો કે પજ્જુવાસામિ—પર્યુપાસના કરૂં છું. સદ્ગુરૂ, સદ્દેવની ભક્તિ કરૂં છું; આત્મચિંતવન કરૂંછું; સઝાય કરૂંછું—જેથી આત્માર્થ પ્રગટે એમ વર્તું છું.

હવે એ સાવદ્ય યોગથી કેવી રીતે વિરમું, તો કે “દુવિહં” બે પ્રકારે, અર્થાત્ સાવદ્યયોગ કરૂં નહિં, અને કરાવું નહિં, અને પાછાં તે પણ ત્રણ **તિવિહેણં** પ્રકારે મનથી, વચનથી અને કાયાથી. એટલે છ પ્રકારે સદોષ યોગથી નિવર્તુંછું. તે છ પ્રકારઃ—

(૧) મનથી કરૂં નહિં;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) મનથી કરાવું નહિં.
(૩) વચનથી કરૂં નહિં.
(૪) વચનથી કરાવું નહિં.
(૫) કાયાથી કરૂં નહિં.
(૬) કાયાથી કરાવું નહિં.

હે ભદ્રકારિ! એ સાવદ્યયોગથી હું નિવર્તુ છું; તેનું હું પચ્ચખાણ કરૂં છું; સામાયિકી કાળમાં તેનો હું ત્યાગ કરૂં છું; પૂર્વકાળે થએલા માઠા યોગની હું આલોચના કરૂં છું, આત્મ સાક્ષિએ નિન્દા કરૂં છું; આપની સાક્ષિએ વિશેષપણે નિંદું છું; આત્માને તે યોગમાંથી નિવર્તાવું છું. "કરેમિભંતે" સૂત્રપાઠમાં પવિત્ર સામાયિકનું આવું અદ્ભુત સ્વરૂપ રહેલું છે, પણ આ કાળના પ્રમાદવશ બાળજીવો એ અદ્ભુત સ્વરૂપ કયાંથી જાણે? બહુ વિરલા જાણે છે, એવી જૈનીઓની અજ્ઞાન સ્થિતિ ખરેખર સહૃદયનાં અંતઃકરણને અશ્રુપાત કરાવે એમ છે!

અપૂર્ણ.

---

# हालमां चालती चर्चाओ

तत्संबंधे

# अधिपतिना अभिप्राय.

જૈન કોન્ફરન્સ—આ એક બહુ જરૂરનું મંડળ છે, એને જેટલું મજબુત કરવામાં આવશે તેટલો આપણી કોમને લાભ છે. પ્રથમના શ્રી સંઘના બંધારણનું આ રૂપાંતરજ છે પરંતુ વર્તમાન સમયને અનુસરતું આખા હિંદુસ્થાનના સર્વે જૈનબંધુઓની ઐકયતા કરાવનારૂં છે. એના લાભની ખબર જેમ જેમ મુદ્દત જશે તેમ તેમ પડતી જશે. અત્યારથીજ કેટલાક નાના મોટા લાભ તો દેખાવા લાગ્યા છે. એક વખત એવો આવશે કે આખા હિંદુસ્થાનમાં શ્રી સંઘની એક સરખી કોઇ પણ આજ્ઞા તે દ્વારા પ્રવર્તી શકશે અને હાલ अराजकं जगत् અથવા નિર્નાયક સૈન્ય જેવી સ્થિતિ કેટલેક અંશે દૃષ્ટિગોચર થાય છે તે નાશ પામશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે પછી એ મંડળ અમદાવાદ ખાતે એકત્ર થનાર છે, તેનાં પ્રારંભચિન્હ તો સંતોષકારક જણાયાં છે. જ્યાં સંપ ત્યાંજ જંપ હોય છે; સંપવાળું કાર્ય બહુ શોભા આપનારૂં થાય છે. સુજ્ઞજનો કોઇપણ સ્થાને અથવા કોઇપણ સમુદાયમાં સંપ જોઇને રાજી થાય છે.

**દેવદ્રવ્યની સંભાળ**-નાના ગામોમાં જ્યારે દેવદ્રવ્ય એકઠું થાય છે ત્યારે તે ગામના જે બેચાર આગેવાન શ્રાવકો હોય છે તે ફાળે પડતા રૂપીઆ પોતપોતાને ત્યાં જમે કરે છે અને તેનું વ્યાજ આપે છે. પ્રારંભમાં તો શુદ્ધબુદ્ધિ હોય છે, પરંતુ સ્થિતિના ફેરફારે કોઇ એક પણ માણસ નબળો પડચે તે રકમ વસુલ કરવાનું બની શકતું નથી અને વખતપર એકના વાદે બીજી રકમો પણ ખોટી થવા વખત આવે છે. આમ ન થવા માટે નજદીકના કોઈ પણ મોટા શહેરના આગેવાનોએ તે રકમ પોતાના કબજામાં લઇ તેને વ્યાજ આપવાનો બંદોબસ્ત કરવો જોઇએ, જેથી તે રકમ વિનાશ પામતી અટકે. ભાવનગરના સંઘે હાલમાં તેવો ઠરાવ કર્યો છે કે—"આજુબાજુના કોઇપણ ગામવાળા પોતાના ગામના દેરાસરના રૂપીઆ મુકવા આવે તો તે અહીંના દેરાસરખાતામાં જમે રાખવા અને તેનું છ આના પ્રમાણે વ્યાજ આપવું. વળી તે રૂપીઆ તેને દેરાસરમાં વાપરવા માટે જ્યારે જોઇએ ત્યારે આપવા." આ પ્રમાણે બીજા શહેરોવાળા પણ આજુબાજુના ગામોનું દેવદ્રવ્ય સંભાળે તો તેનો વિનાશ થવા ન પામે.

**દીક્ષા છોડીને ઘરે આવવું**—કેટલાક દુઃખગર્ભિત વૈરાગ્યવડે દીક્ષા લેનારાઓ ટુંકી અથવા લાંબી મુદત સુધી ચારિત્ર પાળ્યા છતાં અથવા મુનિપણે રહ્યા છતાં તેમાં કાંઇ દુઃખ પડવાથી અથવા પ્રણામ ભગ્ન થવાથી પાછા ઘરે આવવાના દાખલા કોઇ કોઈ વખત બને છે. આ પ્રમાણે કર્યા બાદ જો તેને કાંઇ મુશ્કેલી પડતી નથી તો એકનો દાખલો જોઇને બીજા શિથિલ પરિણામી પણ તેવું કરવા ઇચ્છા કરે છે; પરંતુ જૈન મુનિઓનું ચારિત્ર કાંઇ ગમે ત્યારે છોડીને ઘરે અવાય તેવું નથી. તે તો યાવજ્જીવિત પાળવાનું છે અને તેવી દ્રઢ ધારણાવડેજ ગ્રહણ કરવા યોગ્ય છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી એવી રીતે ચારિત્ર છોડીને ઘરે આવનારના સંબંધમાં તેની સાથે તેમજ તેને પોતાના ઘરમાં રાખનાર તેના સંબંધીઓ સાથે કોઈ પણ પ્રકારનો ખાવા ખવરાવવા વિગેરે વ્યવહાર ન રાખવાનો ઠરાવ ભાવનગરના સંઘે મળીને કર્યો છે. આ પ્રમાણે બીજાં ગામો ને શહેરોના સંઘોએ પણ ઠરાવ કરવા યોગ્ય છે. કારણ કે એવા ઠરાવના ખબર જાણવાથી ભગ્નપરિણામી પણ પાછા સ્થિર થાય છે અને ચારિત્ર પાળવાનોજ નિશ્ચય કરે છે.

**પરદેશી ખાંડનો નિષેધ**-હાલમાં આ વિષે બહુ ચર્ચા ઉદ્ભવેલી છે. વિદેશી ખાંડ ખાવા યોગ્ય નથી એ તો તેની બનાવટના સંબંધની વિગત વાંચતાં ખાત્રી થાય છે, તેથી આ બાબત જૈનવર્ગે ઉપાડી લેવા યોગ્ય છે. કેટલાક ગામોમાં તેવા ઠરાવો થવા લાગ્યા છે પણ તેમાં ખરૂં કામ મોટા શહેરોના જૈન સમુદાયનું છે, કારણ કે તેમ થવાથી બીજા સહેજે તેનું અનુકરણ કરે છે. વિદેશી ખાંડ તજવાથી દેશી ખાંડ વાપરવી પડે તે મોટા જથ્થામાં મળી શકતી નથી અને ભાવ વધારે બેસે છે તેથી તેમ બનવું અશક્ય હોવાનું કેટલાક તરફથી કહેવું થાય છે, પરંતુ દેશી ખાંડમાં ગળપણ વધારે હોવાથી તે દોઢા ઉપરાંત ગરજ સારે છે; વળી ધર્મ જાળવવા ખાતર કાંઇક નુકશાન પણ સહન કરવું જોઇએ તે શિવાય ધર્મનું રક્ષણ અને અધર્મનો વિનાશ થતોજ નથી.

**ઉમરાવતીમાં પ્રશ્નોત્તર**-ઉમરાવતીમાં રહેનારા ઢુંઢક ધર્મીઓએ હમણા બહુ વર્ષે જાગૃત થઇને સમકિત સલ્યોદ્ધારની બુકના સંબંધમાં ત્યાંના તપાગચ્છી શ્રાવકોની સાથે સામસામા લખાણ ચલાવ્યા છે અને સભા કરવાની માગણી કરી છે. આટલી હકીકત તો ઉઘાડી છે કે આવી સભાઓમાં મુનિરાજની જરૂર અને તે ચોમાસામાં આવી શકે નહીં ત્યારે સભા શી રીતે થઇ શકે? પરંતુ ધારો કે કદી ચોમાસા બાદ તેવી સભા થાય તો તેનું ફળ શું? કોણ એવી સભામાં હાર્યા બાદ હાર કબુલ કરે છે અને પોતાનો પક્ષ ત્યજી દે છે? એ વાતના તો ફાંફાં છે. ત્યારે ફોગટ વખતનો ભોગ, પૈસાનો ખર્ચ, ક્લેશની ઉદીરણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને છિદ્રોનું શોધન શામાટે કરવું જોઇએ? સમકિત સલ્યોદ્ધારની અંદર લખેલ બાબતોના ખુલાસા આપવાને તો અમે તૈયાર છીએ પરંતુ આતો ફોગટના વિતંડાવાદનાં લક્ષણ છે. જેથી એ સંબંધમાં કાંઇ પણ લખવું અમને ફળદાયક જણાતું નથી, કારણ કે સામી બાજુના લેખકો તેના જવાબમાં એવી શબ્દરચના વાપરે છે અને તેમાં પૂજ્ય મુનિમહારાજને તેમજ મહા પૂજનિક જિનબિંબને માટે એવા અસભ્ય શબ્દો વાપરે છે કે જે વાંચતાં અંતઃકરણમાં ખેદ થયા શિવાય રહે નહીં. આટલાજ હેતુથી અમે બહોળે ભાગે તે સંબંધમાં મૌન ધારણ કરવું યોગ્ય ધારીએ છીએ.

**કન્યાવ્યવહાર બંધ**—ઝાલાવાડના લીંબડી વઢવાણ વિગેરે કેટલાક ગામના ઢુંઢીઆઓએ તપાગચ્છી પોતાને કન્યા આપતા નથી એમ માની તેમને કન્યા ન આપવાનો તેમજ પોતાના ઘોળની બહાર કન્યા ન આપવાનો ઠરાવ કર્યાની વાત બહાર આવી છે. તપાઓ કન્યા આપતા હતા કે નહીં તે તો તેની મુનસફી ઉપર હતું પણ તેમણે આવો ઠરાવ તો કર્યો નહોતો. આ ઠરાવથી મોટામાં મોટું નુકશાન તો ધર્માદાનાં કાર્યોમાં થશે. શિવાય જ્ઞાતિનું બંધારણ એક સરખું નહીં ચાલે. એકનો ગુન્હેગાર બીજા પક્ષમાં જશે અને ધીમે ધીમે ખાવા ખવરાવવાના વ્યવહારમાં પણ ખલેલ પડશે. વળી તેમના 'જૈન સમાચાર' નામના પત્રે શ્રાવક શિવાય અન્ય ધર્મીને કન્યા ન આપવાના સંબંધની જે વાત ઉપાડી હતી તે તો ભુલી જવામાં આવેલી જણાય છે. ખાસ કરીને ભાઇઓ ભાઇઓમાંજ વિરોધ વધારવો એવી બુદ્ધિ કેમ ઉત્પન્ન થાય છે તેની ખબર પડતી નથી.

**ટોપીમાં નખાતાં પીંછાં**—આ બાબત જૈનવર્ગમાં તો બહોળે ભાગે બંધ થયેલ છે. કારણકે તેને માટે જીવતાં પક્ષીઓનો વિનાશ કરવામાં આવે છે. આ સંબંધમાં દયાની લાગણીએ ત્યાં સુધી પ્રસાર કર્યો છે કે હાલના **શેહેનશાહ નામદાર સાતમા એડવર્ડના મહારાણી અલેક્ઝાંડ્રાએ** પણ તેવાં પીંછાં વાપરવાનું બંધ કર્યું છે. હવે આપણે એ બાબતમાં કેવું ચુસ્ત રહેવું જોઇએ તે વિચારવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કેશરમાં થતો ભેળ**—છેલા બહાર પડેલા કોન્ફરન્સ હેરલ્ડના પ્રારંભમાં લખેલી હકીકત વાંચતાં હાલમાં વપરાતા કેશરની અંદર અયોગ્ય વસ્તુઓનો ભેળ સંભેળ થાયછે એમ જણાય છે તેથી, તેવી વર્જ્ય વસ્તુના ભેળવાળું કેશર વાપરવું યોગ્ય જણાતું નથી; તેને બદલે કાશ્મીરમાં બનતું શુદ્ધ કેશર વાપરવું તેજ યોગ્ય જણાય છે. આ બાબતમાં શ્રી અમૃતસરથી **લાલા મોતીરામ ફગુમલ** લખે છે કે 'કાશ્મીરમાં બનતું શુદ્ધ કેશર તેમની ઉપર પત્ર લખીને મંગાવવામાં આવશે તો બીલકુલ કમીશન લીધા શિવાય તેઓ મોકલશે.' હાલમાં ત્યાંના કેસરનો ભાવ ૯૪ તોલાના રતલનો રૂપ૩ાા ને સુમારે છે એમ તેઓ લખે છે. ભાવનગરના દેરાસર ખાતે નમુના તરીકે મંગાવવામાં આવ્યું છે. બીજા શહેરોવાળાએ પણ તે બાબત ધ્યાનમાં લેવા લાયક છે.

**ભાવનગર ખાતે જૈનફંડ—પન્યાસજી શ્રીઆણંદસાગરજીના** પ્રયાસથી શ્રી ભાવનગર ખાતે નિરાશ્રીત જૈનોને આશ્રય આપવા માટે એક ફંડ સારા પાયા ઉપર ખોલવામાં આવ્યું છે. તાત્કાળીક તો ચાર ગૃહસ્થના રૂ૨૦૫૪ અને બીજી થોડીક પરચુરણ રકમો ભરાણી છે, પરંતુ તેની અંદર એકંદર પાંચ હજાર ઉપરાંત રકમ થવા સંભવ છે. આ ફંડની વ્યવસ્થા પણ બહુ સારી રીતે થવાની છે; જેનો નિર્ણય થયેથી પ્રસિદ્ધિમાં મુકશું. આવાં ફંડ દરેક શહેરોમાં થવાની આવશ્યકતા છે.

---

# શ્રી ગિરનારની તળાટીમાં મોટી ધર્મશાળાની જરુર.

## "તીર્થની આશાતના નવિ કરિયે."

એ મહાન્ વાકય પ્રમાણે વર્તન કરવાનું શ્રી જિનેશ્વર પ્રભુએ ઉપદેશ્યું છે; અને પ્રભુજીની આજ્ઞા પાળવી તેજ ધર્મ છે. શ્રી શત્રુંજયગિરિ કે જે પ્રાયઃ શાશ્વતો છે તે તીર્થની આશાતના વર્તમાન કાળે પણ પ્રાયઃ થતી નથી. તેમજ આપણો [illegible] નવા જિનમંદિર કરાવવાં કરતાં જીર્ણો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવિત્ર ગિરિ શ્રી ગિરનાર કે જ્યાં બાવીશમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમીના ત્રણ કલ્યાણક થયાં છે, વળી જ્યાં શ્રી નેમીનાથ પ્રભુ બાર પર્ષદા મધ્યે એક યોજન પર્યંત સંભળાતી અમૃતમય દેશના દેતા હતા, જ્યાં ઇંદ્ર પ્રમુખ કુસુમની વૃષ્ટિ કરતા હતા, દેવદુંદુભી આકાશમાં વાગતી હતી અર્થાત્ જ્યાં જયજયકાર વર્તતો હતો અને જ્યાં આવતી ચોવીશીના શ્રી પદ્મનાભાદિ બાવીશ તિર્થંકરના મોક્ષકલ્યાણક થવાનાં છે તે શ્રી સિદ્ધાચલજીનીજ પાંચમી ટુંક રેવતાચલ ઉપર આજે કેવી આશાતના થાય છે! શ્રી ગિરનાર તે શ્રી શત્રુંજયજ ગણાય અને શ્રી શત્રુંજયની અપેક્ષાએ પ્રાયઃ શાશ્વતો પણ કહેવાય, તો તેવા પવિત્ર તીર્થની આશાતના દૂર કરવા તન, મન ને ધનનો ભોગ આપવાની દરેક જૈન બંધુઓની ફરજ છે. આ તીર્થ ઉપર મળમૂત્રાદિક અનેક આશાતનાઓ થાય છે તે આશાતના દૂર કરવાનો ઉપાય રાત્રિ ઉપર ન રહેવું તેજ છે. આ તીર્થ ઉપર ચડવું પહેલાં કઠિન હતું પણ મહુમ નરરત્ન **શા. સા. ત્રીભુવનદાસ મોતીચંદના** અથાગ પ્રયાસથી લગભગ પાંચમી ટુંક સુધી સીડી થઇ ગઈ છે, તેથી હવે ચડવું ઉતરવું ઘણુંજ સહેલું થઈ ગયું છે. ટુંકામાં સુરતવાસી શા. ત્રીભોવનદાસ નગીનદાસભાઇએ છઠ્ઠ કરીને સાત (પહેલે દિવસ પાંચ અને બીજે દિવસ બે) યાત્રા કરી હતી, જે ભાઇ હમણાંજ અહિંની નવાણું યાત્રા સંપૂર્ણ કરી શ્રી સિદ્ધાચલજી તરફ પધાર્યા છે. જેથી હવે ઉપર રાત્રિ ન રહેતાં તલાટીએ આવીને રાત્રિ રહેવાથી આશાતના દૂર થાય તેમ છે. તલાટીએ **શેઠ પ્રેમચંદ રાયચંદની** એક ધર્મશાળા છે કે જેમાં ફક્ત પાંચ ઓરડીઓ છે તથા લખતરવાળા **શેઠ ફુલચંદભાઇ કમળશીની** મળી કુલ દશ ઓરડીઓ છે. જેમાંની બે ત્રણ ઓરડીઓમાં તલાટીના નોકરો રહે છે તથા એક બે ઓરડીઓ મુનિમહારાજ માટે રાખવી પડે છે. હવે જ્યારે યાત્રાની મોસમમાં યાત્રાળુઓ બહુ આવે છે ત્યારે તેઓને ઉતરવાની બહુ અગવડતા થાય છે. યાત્રાળુનો સામાન રાખવા માટે પણ જ્યારે ઓરડીઓની ખેંચ પડે છે ત્યારે દરેક કુટુંબીઓને જુદી જુદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓરડીઓ તો ક્યાંથીજ અપાય? આ કારણથી કેટલીક વખત તેઓ અન્ય દર્શનીઓની ધર્મશાળામાં જાય છે અથવા તો એકાદ યાત્રા કરી શહેરમાં ચાલ્યા જાય છે કે ઉપર રાત્રિ પણ રહે છે. વળી ગ્રિષ્મ ઋતુના સખ્ત તાપમાં આપણા સ્વામી ભાઇઓને બહાર ચુલા મૂકીને રસોઈ કરવી પડે છે, તથા બહાર ઓશરીઓમાં પડ્યા રહેવું પડે છે, શિયાળામાં ટાઢ સહન કરવી પડે છે. આવાં અનેક દુઃખો સારી સગવડતાવાળી ધર્મશાળાના અભાવે સહન કરવાં પડે છે, જેથી તલાટીમાં એક મોટી ધર્મશાળાની ખાસ જરૂર છે. વળી તલાટીથી શહેર ત્રણ માઇલ દૂર છે તેથી સાધારણ સ્થિતિના માણસથી વારંવાર ગાડીભાડું ખર્ચી શકાય નહિ; એટલે તલાટીએજ રહેવું અનુકુળ પડે. તલાટીમાં સીધુંસામાન મળી શકે છે; અને મોટી ધર્મશાળા થવાથી સીધુંસામાન, શાક, દૂધ વિગેરે દરેક પ્રકારની સગવડ પુરતી થવા સંભવ છે. વળી શહેર કરતાં ત્યાં પાણીનું અત્યંત સુખ છે માટે જો મોટી ધર્મશાળા થાય તો યાત્રાળુને દરેક રીતે આરામ મળે અને તીર્થની આશાતના પણ દૂર થાય. માટે આ ધર્મશાળા થવામાં તીર્થની આશાતના દૂર કરવાનો અને સ્વામીભાઈની ભક્તિનો એમ બન્ને લાભ સમાયલા છે. કોઇ એમ પ્રશ્ન કરે છે કે ગિરનાર આપણું એકનું તીર્થ નથી, તેથી શ્રી શત્રુંજયની ઉપમા તેને આપી શકાય નહિ. આમ માનવું યુક્ત નથી, કેમકે **કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમાચાર્યજી** મહારાજે ગિરનારનું કેટલું બહુમાન કર્યું છે? આ તીર્થ કેટલાક મુનિમહારાજે પણ ધ્યાન કરવા માટે ઉત્તમ ધાર્યું છે; અને ઘણાઓનું તીર્થ થયું તેમાં આપણી નિર્બળતા છે. અન્ય દર્શનીઓ ગમે તેમ કરે પણ તેને લીધે આપણે પણ આશાતના કરી નિકાચિત કર્મો બાંધવાં વ્યાજબી છે? નથી. તેથી આપણા શ્રી સંઘને તે તીર્થની આશાતનામાંથી મુક્ત કરવા માટે દરેક જૈન બંધુઓ તન મન તથા ધનથી મદદ કરશે એવી સંપૂર્ણ આશા છે.

શ્રી ગિરનાર તીર્થ ઉપર જીર્ણોદ્ધારનું કામ પણ ઘણું છે, જે માટે હમણાંથી તે કાર્યમાં મદદ થાય તો ઉત્તમ છે; કેમકે પછી વિશેષ ખર્ચ થશે. નવાં જિનમંદિર કરાવવાં કરતાં જીર્ણો-

For Private And Personal Use Only